## સલામી સવારની..



**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*વેપારી ટ્રંપનો સાથ તો કોઈ મુદ્દે જ છે*
*નિજ સ્વાર્થ ને ફાયદાઓ એને હદે જ છે*
*ખેલે ખેલ ચીન, નાપાક ને પ્યાદું બનાવી -*
*ચીનના ખોળામાં બેસીને શરીફ કૂદે છે...*

હાઈકુ

*રમાડે ફોજ,*
*ચીન ને આતંકીઓ -*
*છે રમકડું...*

*ચાલે સૈન્યનું*
*નાચે, નચાવે એમ -*
*કઠપૂતળી*
*(પાકિસ્તાનની લોકશાહી)*

### ચિંતન

*અર્થેષુ પાનવ્યસની ન ગમ્યતે ।*

**ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**શરાબી વ્યક્તિ કોઈ કાર્ય પૂર્ણ કરી શકતી નથી.**

**દારૂડિયા માણસને કોઈ કામ સોંપવું ના જોઈએ કારણ કે નશામાં ધૂત હોવાના કારણે તે કોઈ પણ કાર્ય પૂરું કરવાની સ્થિતિમાં નથી હોતો.**

**વ્યસન પછી કોઈ પણ બાબતનું હોય - એ ખરાબ જ છે. વ્યસની માણસને પોતાની જાત પર, તમામ ઈંદ્રિયો પર પોતાનો કાબૂ હોતો નથી. ટેવ-વ્યસનથી એ લાચાર હોય છે એક જાતનાં 'બંધાણ'ને કારણ તે પરવશ હોય છે આવા લોકો પર વિશ્વાસ રાખી કોઈ પણ કામ જવાબદારી પૂર્વક કરી નિભાવી નથી શકતા.**

### સુવિચાર

- સાત્વિકતા વધારવાનું કામ લોકો જોવા મળે પછી જ પ્રભુ અવતાર લે છે - **ધર્મલોક**
- ઈશ્વર તો અસ્તિત્વનું અંતઃકરણ છે, તમે ઈશ્વરને ધારણ કરેલો છે - **શ્રી શ્રી રવિશંકર**
- યાદ રહે !! સત્યની સાધનાથી જ સાધનાનું સત્ય પ્રગટે છે
  આ સ્થિતિ એ સાધક પહોંચે એ જ સમાધિ છે - **બોધિવૃક્ષ**
- સર્વોત્તમ મનુષ્યો તેમના દોષવડે તેમની ભૂલો વડે ઘડાય છે - **શેક્સપિયર**
- જે લખીને તેની નીચે તમે તમારી સહી કરવાના ન હો તેવું કદી બોલશો નહીં - **અમૃતબિંદુ**
- માફ કરે તે મોટો, કામ કરે અને નામની ઈચ્છા ન રાખે તે મહાપુરુષ - **બેકન**
- આજનું ઔષધ : કોપરેલ અને લીંબુનો રસ મેળવી દાદરની જગ્યા પર હળવે હાથે લગાવવાથી તરત રાહત થાય છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

નિર્દોષ અને અજ્ઞાન લોકો પર ગુસ્સો કરવાનો કોઈ અર્થ નથી એ સદાય ક્ષમાપાત્ર છે.

મુંબઈની હાઈકોર્ટમાં એક બહુ મોટો કેસ ચાલે. એક હોંશિયાર વકીલે એ હાથે ધરેલો. મુકદમો બહુ ગૂંચવણવાળો હતો. અને વકીલે તે જીતવા માટે રાત-દિવસ એક કરી કેટલાય કાયદાના પુસ્તકો વાંચી, કેટલીયે નોંધ, કેટલાયે રેફરન્સ, દાખલા-દલીલો છુટ્ટા કાગળમાં ટાંકીને રાખ્યા હતા. તે કાગળો પોતાના ટેબલના ખાનામાં મુકી રાખ્યા હતા.

કેસની તારીખના આગળના દિવસે વકીલ ટહેલવા નીકળ્યા. એ અરસામાં એ વકીલના ઘરે આવેલા મહેમાનમાં દસ વર્ષની બાળકી પણ હતી. એ બાળખી વકીલના રૂમમાં જઈ ટેબલમાંથી પેલા છુટ્ટા કાગળીયા લઈ રમવા લાગી. કેટલાક કાગળીયા આમ-તેમ ફેંક્યા અને કાગળ વાળીને રમકડાં બનાવવાનો પ્રયત્ન કર્યો.

પેલા વકીલ ઘરે પાછા અને અત્યળના કાગળો સાથે પેલી બાળકીને રમતાં જોઈ ભયંકર ગુસ્સો આવી ગયો. પણ બાળકીને જરાયે ગુસ્સો થયા વગર કહ્યું, 'બહેન ! મારા કાગળોને ન અડકાય હોં !!' એમ બોલીને કાગળના ડુચા ભેગા કરી ફરી ખૂટતા કાગળોની નવેસરથી નોંધ બનાવવામાં લાગી પડ્યા.

આ વકીલ એટલે 'સરસ્વતીચંદ્ર' નવલકથાના લેખક શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી.

# જાધવ પાકિસ્તાન માટે ગળાની ફાંસ

**તંત્રીસ્થાનેથી...**

કુલભૂષણ જાધવ કેસમાં આંતરરાષ્ટ્રીય અદાલતે ભારતની દલીલો માન્ય રાખી જયાં સુધી કેસનો ચુકાદો ન આવે ત્યાં સુધી એને ફરમાવાયેલી ફાંસીની સજા પર સ્ટે આપી દીધો છે. વ્યૂહાત્મક દષ્ટિએ આ ભારતની નોંધપાત્ર જીત છે અને પાકિસ્તાન માટે શરમિંદા બનવા જેવું છે. પાકિસ્તાન તરફી વકીલોએ એ જ દલીલ પકડી રાખી હતી કે કુલભૂષણ જાધવ ભારતનો જાસૂસ હતો અને પાકિસ્તાનમાં બનેલી અનેક આતંકવાદી ઘટનાઓને એણે જ અંજામ આપ્યો હતો. જાસૂસી જેવા મામલામાં આંતરરાષ્ટ્રીય અદાલતે વચ્ચે ન પડવું જોઈએ કારણ કે એ અમારી સુરક્ષા સાથે સંકળાયેલી બાબત છે. કરોડોની ફી લઈને પાકિસ્તાની વકીલો અદાલતને જે મુદ્દો સમજાવી ન શક્યા તે ભારત તરફથી ફક્ત એક રૂપિયો ટોકન ફી લઈ કુલભૂષણ જાધવનો બચાવ કરતા વરિષ્ઠ ધારાશાસ્ત્રી હરીશ સાલ્વે સમજાવી શક્યા. કુલભૂષણ જાધવ ભારતીય નૌસેના અધિકારી હતો અને એ પછી નિવૃત્તિ બાદ પાકિસ્તાનમાં વેપાર અર્થે અવરજવર કરતો હતો. વળી એને બારોબાર ઈરાનમાંથી ઉઠાવી લેવાયો હોવાને કારણે ઈરાન પણ પાકિસ્તાન પર નારાજ છે. પાક લશ્કર એને ઈરાનમાંથી ઉઠાવ્યાની વાત કબૂલતું નથી, એ તો જાધવને બલુચિસ્તાનમાંથી જ પકડ્યો હોવાનું કહેતું રહ્યું છે. આંતરરાષ્ટ્રીય અદાલતમાં પહોંચી જઈ ભારતે બહુ જ ડહાપણભર્યું પગલું ભર્યું હતું. સોલ વખત પાકિસ્તાન સાથે સંપર્ક કરી કુલભૂષણ જાધવને ભારતીય દૂતાવાસના અધિકારીઓને મળવા દેવાની રજૂઆત કર્યા છતાં પાકિસ્તાને એ વાત ગણકારી ન હતી. કદાચ શરીફ સરકાર કુલભૂષણ જાધવ મુદ્દે ભારત સાથે ચર્ચા કરવા માગતી હોય તો પણ પાક આર્મીના નવા જંગેબહાદુર વડા બાજવા આગળ એનું કશું ઊપજ્યું નહીં હોય. આખરે આંતરરાષ્ટ્રીય અદાલતમાં પાકિસ્તાનને નીચાજોણું થયું છે અને હવે પાક આર્મી એની લશ્કરી કોર્ટ દ્વારા ફરમાયેલ ફાંસીનો ઉતાવળે અમલ કરાવી દેશે તો એ દુનિયાભરમા થૂ-થૂ થઈ જશે. આ મુદ્દો ખૂબ જ સંવેદનશીલ હતો અને સમચાર પ્રસારિત થતાંની સાથે જ વિદેશમંત્રી સુષમા સ્વરાજે કોઈ પણ ભોગે 'ભારતના દીકરા'ને બચાવવાનો સંકલ્પ કર્યો હતો. ભારતે રાજકીય દબાણની યુક્તિ પ્રયુક્તિઓ અજમાવવા કરતાં આંતરરાષ્ટ્રીય અદાલતમાં કેસ લઈ જઈ પાકિસ્તાનને પાઠ ભણાવ્યો છે. અલબત્ત, પાક આર્મી અને પાકિસ્તાન સરકાર આંતરરાષ્ટ્રીય કોર્ટની અવગણના કરી કુલભૂષણ જાધવને ફાંસી આપી દેવાનો નિર્ણય કરશે તો એ દુનિયાથી અલગથલગ પડી જશે. પાક આર્મીએ પોતે આંતરરાષ્ટ્રીય અદાલતનો ચુકાદો નહીં માનવામાં આવે એવો આગોતરો સંકેત આપી દીધેલો છે. પરંતુ વિયેના સંધિ મુજબ પાકિસ્તાન અને ભારત સહિતના ઘણા બધા દેશો કે જેમણે એ સંધિ પર સહી કરેલ છે, તે આંતરરાષ્ટ્રીય અદાલતના ચુકાદાને માનવા બંધાયેલા છે. કુલભૂષણ જાધવ હવે પાકિસ્તાન આર્મી અને સરકાર માટે ગળાનું હાડકું બની ગયેલ છે. જો એને ફાંસી આપવાનો નિર્ણય પાછો ખેંચશે તો પાક પ્રજામાં જ એ હાંસીપાત્ર બનશે. જો ફાંસી આપી દેવાનો ઉતાવળિયો નિર્ણય લેશે તો આખી દુનિયા સમક્ષ ઉઘાડું પડી જશે. પાકિસ્તાન જાધવ ખરેખર જાસૂસ હતો એવું સાબિત જ નથી કરી શક્યું ત્યારે એ ભારતીય અધિકારીઓ અને નાગરિકોને કેવી કનડગત કરે છે એનું આ જાજરમાન ઉદાહરણ છે.

# જે ધર્મ વ્યવહારીક સમસ્યા ઉકેલવામાં સહાયક ન બને તે ધર્મ - ધર્મ નથી

**રામને આદર્શ તરીકે માનતા ગાંધીની ધર્મ વિશે સ્પષ્ટતા**



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

ગાંધી ૧૯૧૫માં ભારતમાં પરત આવ્યા તે પહેલાથી સાદુ જીવન જીવતા હતા. સાદુ જીવન એવો શબ્દ પણ વાપરી શકાય. પણ સાધુતા ભરેલો આ મહામાનવ એમ કહેતા કે 'મનુષ્યની શાંતિની કસોટી સમાજમાં જ થાય છે, હિમાલયની ગિરિમાળાઓની ટૂંક કે ગુફાઓ નહીં.' - ગાંધીએ તમામ કાર્યો પ્રજાની વચ્ચે રહીને પ્રજા માટે જ કર્યા.

ગત લેખણાં ગાંધીના જીવન કવન દરમિયાન વખતોવખત તેમણે કહેલી વાતો. ચિંતન કણિકાઓ આપણે જોઈ હતી. એ ચિંતન કણિકાઓનો દોર આજના લેખમાં પણ આપણે આગળ જોઈએ.

જમીનનો માલિક તો એ જ છે, જે એના ઉપર કરતો હોય, કોઈની મહેરબાની માગવી એ તો જાતને ગુલામ બનાવવા જેવી વૃત્તિ છે. આ ળાત દ્વારા ગાંધી માલિક અને મજૂર વચ્ચેની આખી વાતને જુદી જ રીતે મૂકે છે. એક તરફ કાર્ય માર્કસ જગતના મજૂરો એક થશે અને મૂડીપતિઓનો સર્વનાશ કરશે એમ કહેતા હતા. એમનો માર્ક્સવાદી વિચાર એ સમયે વધુ ને વધુ પ્રસરતો જતો હતો ત્યારે ગાંધીએ માલિક-મૂડિયત અને મજૂર-ગુલામના વર્ગો વચ્ચે સંઘર્ષના બદલે સાંમજસ્યની વાત કરી. માલિક અને મજૂરના સંઘર્ષના વિચારને ગાંધીએ તો સર્વે જન એક સમાજમાં મહિમાગાન સાથે ધનિકો પોતે પણ પરસેવો પાડે એવો ભાવ રજૂ કર્યો. ખેતીપ્રધાન દેશ અને એમાં પણ ગુલામ એવા ભારતમાં ધંધા-ઉદ્યોગો તો હતા જ નહીં. એટલે માર્ક્સ જે પશ્ચિમી દેશોમાં ઉદ્યોગના કારણે મૂડીપતિઓ બનેલા એમને કેન્દ્રમાં રાખીને વાત કરે છે ત્યારે ગાંધી આપણા દેશના ધનિકો - મૂડીપતિઓ એટલે જમીનદારો એટલે જમીનદારો. એમને શિખ આપતા પોતાની જમીન પર ગુલામો પાસે ખેતી - ખેડ કરાવવાના બદલે જાતે મહેનત કરવા કહે છે. ગાંધીએ તો મજૂરો પાસે માલિકો કામ કરાવીને આધિપત્ય ભોગવે એના બદલે કોઈ કામ માનુ કે મોટું, નબળું કે સબળું નથી, એવો વિચાર વહેતો મૂક્યો હતો. ગાંધીના ટ્રસ્ટીશિયના સિધ્ધાંતમાં આ બાબત જોવા મળે છે.

● જયાં વાણી અને મનમાં એકતા ના હોય ત્યાં વાણી કેવળ મિથ્યાતત્વ છે, શબ્દની એક જાળ છે. ગાંધીજી આ વાક્ય દ્વારા સંપૂર્ણ એકતા અને સહચાર્યમાં સાલસતા દાખવવાનો વિવેક સમજાવે છે.

● ગાંધીજીએ ગરીબને દરિદ્રનારાયણ તરીકે ઓળખ આપી હતી. નરમાંથી નારાયણના ભારતીય મૂલ્યને ધ્યાનમાં લઈ તેમણે 'દરિદ્રનારાયણ' શબ્દ આપ્યો હતો. ગરીબમાં પણ તમે નારાયણ જુઓ તો પછી ગરીબ-તવંગરના આર્થિક અને સામાજિક ભેદભાવો ભૂંસાય જાય. આખી જિંદગી ગાંધીએ ભેદભાવોના ભરમ ભૂંસવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે ધનવાન અને ગરીબની વ્યાખ્યા સાવ સરળ શબ્દોમાં આપી છે. તેઓ કહેતા 'દરિદ્ર તો એ છે જેનામાં શુદ્ધ પ્રેમનું એક બિંદુ પણ ન હોય અને ધનવાન એ છે કે જેનામાં એક નાનકડા જીવજંતુથી માંડીને મહાકાય હાથી જેવા પ્રાણી તેના પ્રેમમાં સમાય શકે. આ સાથે તેઓ એમ પણ કહે છે કે આપણે તો એટલું જ જોવું જોઈએ કે આપણે જે કરીએ છીએ પવિત્રતા અને પ્રામાણિકતાથી કરીએ છીએ કે નહીં. સમાજરૂપી ધરતીમાં અન્ય માણસ સાથે સંબંધરુપે જે વાવીએ તેમાં પ્રેમ-લાગણી અને માનવતા છે કે કેમ ? ગાંધીજી એવું સ્પષ્ટ કહેતા કે દુનિયામાં રાજ કરનાર - સત્તાધીશનું ક્ષેત્ર ખૂબ નાનું હોય છે. સૌથી મોટું ક્ષેત્ર સેવા ક્ષેત્ર છે. સત્તા ક્ષણિક છે. પરંતુ સમભાવ સાથેની સેવા કાયમી છે. સત્તાથી દૂર રહીને પણ સેવા સારી રીતે થઈ શકે છે.'

ગાંધીજી પોતાની વાત પરંપરાઓ, ધાર્મિક આચાર વિચાર સાથે કરતા હતા. 'મારે રામરાજય સ્થાપ્યું છે.' એમ કહીને સમૂળગી આઝાદી માટે લડનાર આ મહાત્મા ઉપર ઘણા ટીકાકારોએ ગાંધી તો હિંદુ ધર્મનો ધાર્મિક નેતા છે એવી પણ ટીકા કરેલી છે. ધર્મ અને એમાંય હિન્દુ ધર્મની ફિલસૂફીને ટાંકીને આચાર વિચારની શુદ્ધિ પ્રયોજનાર આ જ મહાત્મા ગાંધીની ધર્મ વિશેની એક તાર્કિક ચિંતનની વાત જોવા જેવી છે.

ગાંધીએ કહ્યું છે 'જે ધર્મ વ્યવહારિક બાબતો પર ધ્યાન આપતો નથી અને સમાજજીવનમાં ઊભી થયેલી સમસ્યાઓને ઉકેલવામાં સહાયક બનતો નથી એ ધર્મ, ધર્મ નથી.'

# અવિરત ઉદ્યમનો જાજરમાન ચરખો : નિરંજન વર્મા



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

આભના થાંભલા રોજ ઊભા રહે
વાયુનો વિંઝણો રોજ હાલે
ઉદય ને અસ્તના દોરડા ઉપરે
નટ બની રોજ રવિરાજ મહાલે
ભાગતી ભાગતી પડી જતી પડી જતી
રાત નવ સૂર્યને હાથ આવે
કર્મવાદી બધા કર્મ કરતા રહે
એમને ઉંઘવું કેમ ફાવે ?

ક્રાંતિકારી નિરંજન વર્મા (નાનભા બાદાણી – ગઢવી) જીવ્યા માત્ર ૩૪ વર્ષ. ટૂંકા આયખામાં પણ કવિ શ્રી દુલા ભાયા કાગે ઉપરના શબ્દોમાં લખ્યું છે તેવું કર્મશીલ જીવતર જીવીને ગયા. આટલા વર્ષોમાં પણ નવેક વર્ષ તો તેઓ બીમાર રહ્યા. શ્રી જયમલ્લ પરમારે લખ્યું : ''કાળના હથોડે નિત્ય કોરાઈ રહેલા કલેવરને (નીરુભાઈએ) નવ વર્ષ સુધી જાળવીને લોહીના બુંદેબુંદનો હિસાબ ચૂકવ્યો. એકેય બુંદ વેડફવા ન દીધું. એકે એક શ્વાસોશ્વાસની પૂરી કિમ્મત આ વીરે વિધાતાના ચોપડે જમા કરાવી.'' વિશ્વની તે સમયની સમર્થ બ્રિટીશ હકૂમતને પડકારનાર આ જન્મજાત વીર પુરુષે યમરાજા સાથેનું અંતિમ યુધ્ધ પણ સમાન ગૌરવ તથા દ્રઢતાપૂર્વક કર્યું. ૧૯૧૭ માં નિરૂભાઈનો જન્મ જામનગર જિલ્લાના કાલાવાડ તાલુકાના રાજડા ગામે થયો. ૨૦૧૭ નું વર્ષ આ યુવાન શહીદની જન્મશતાબ્દીનું વર્ષ છે. સૌરાષ્ટ્ર – ગુજરાતના ઉજળા મુક્તિ સંગ્રામની વિગતો ધ્યાનથી જોનાર – સમજનાર અનેક લોકોના મનમાં નિરંજન વર્માની સ્મૃતિ ફરી ઝબકી જશે. નિરંજન વર્માના જીવન અને કાર્યનું આલેખન કરતી સુંદર તથા વિગતોથી ભરપૂર પુસ્તિકાનું સંપાદન ભાઈ રાજુલ દવેએ કર્યું છે. મેઘાણી લોક સાહિત્ય કેન્દ્ર રાજકોટના સહયોગથી પ્રવીણ પ્રકાશને (રાજકોટ) આ પુસ્તિકા સપ્ટેમ્બર-૨૦૧૬ માં સમાજ સામે અને સમાજ માટે પ્રસ્તુત કરી છે. આવા ઉપયોગી કાર્ય માટે આ બધા લોકો – સંસ્થાઓ આપણાં અભિનંદનને પાત્ર છે.

નિરૂભાઈએ દેશ સેવાની સાથેજ વિસ્તૃત સાહિત્ય સેવા કરી. ઉત્તમ પ્રકારના અને મૂલ્ય નિષ્ઠ પત્રકારત્વમાં પોતાનું યોગદાન આપ્યું. બાળકોને રસ પડે તેવી અનેક વાર્તાઓ કરી. છેવાડાના માનવીઓના હમદર્દથી તેમના હામી બન્યા. ''ફૂલછાબ'' માં નિરૂભાઈનાયોગદાન વિશે શ્રી ઝવેરચંદ મેઘાણીએ ઉલટભેર પ્રશંસા લખી. ગ્રામસેવાના અભિનવ પ્રયોગમાં તરવડા (જિ.અમરેલી) ગામમાં રહીને સામાજિક ઉત્થાનનું કાર્ય કર્યું. જીવનના ફક્ત ત્રણ દાયકામાં કોઈ એક વ્યક્તિ આટલા કાર્યો કેવી રીતે કરી શકે ? મુક્ત હાસ્યના ધોધની સાથેજ નિરંજન વર્માના જીવનમાંથી શક્તિનો પણ પ્રચંડ ધોધ વહેતો રહ્યો.

નિરૂભાઈના સમગ્ર જીવન તથા તેમના લેખનને જોતાં તે કાળની તાસીર સ્પષ્ટ કરતી અમુક હકીકતો ધ્યાનમાં આવ્યા સિવાય રહેતી નથી. એક તો સૌરાષ્ટ્રના (અને સમગ્ર દેશના પણ) મુક્તિ સંગ્રામમાં લોક સાથેનો સંપર્ક કેળવીને મજબૂત બનાવવામાં સાહિત્યનો આધાર નિર્ણયાત્મક રીતે લેવામાં આવેલો છે. ૧૯૩૦ ના સુપ્રસિધ્ધ નમક સત્યાગ્રહમાં ધોલેરા (ભાલ) છાવણીના સમગ્ર વિસ્તારમાં જે લોક જુવાળ સત્તાધિશો સામે યુધ્ધે ચડવા માટે ભભૂકી ઊઠ્યો તેમાં લોકકવિ શ્રી મેઘાણીના કાવ્યોની ઘણી મોટી અસર હતી. ''સિધૂંડા'' (૧૯૩૨) નામથી પ્રસિધ્ધ થયેલી યુધ્ધગીતોની પુસ્તિકાને બ્રિટીશ સરકારે પ્રતિબંધિત કરી હતી. આ પુસ્તિકા વાંચવી કે તેનું વિતરણ કરવું તે ગુનાહિત બાબત ગણાતી હતી. પુસ્તિકાનું વિતરણ કરનારની પોલીસ ધરપકડ કરતી હતી. છતાં પણ આ શૌર્ય ગીતો તો વાયુવેગે લોકમાં પ્રસરી ગયા. આ ગીતો ગવાયા તથા વ્યાપકપણે ઝીલાયા. નિરંજન વર્મા તથા જયમલ્લ પરમારે પણ પોતાની સાહિત્યની જાણકારીનો લાભ લઈ લોકસંપર્ક માટે તથા લોકજાગૃતિ માટે વ્યાપક રીતે લોકસાહિત્યના વિવિધ સ્વરૂપોનો અસરકારક ઉપયોગ કર્યો. આ બન્ને મિત્રોએ ગાંધી વિચારની ઊંડી અસરને કારણે મુક્તિ સંગ્રામ માટેની જાગૃતિ સાથેજ સામાજિક જાગૃતિ માટે પણ સભાનપણે પ્રયાસો કર્યા. લોકસાહિત્યની ઉપાસક આ બેલડીને તેમની સાહિત્ય સૂઝ તથા ઉજળા જીવનને કારણે લોકોએ વધાવી અને તેમના નવજાગૃતિના સંદેશને ઝીલવાના પ્રયાસો કર્યા. આ કાળનું સાહિત્ય સર્જન અને સાહિત્યનો પ્રસાર મુક્તિ મેળવવાના ઉમદા હેતુ માટે સુઆયોજિત રીતે થયો.

કવિ ઉમાશંકર જોશીની કલમે પણ નિરંજન વર્મા તથા જયમલ્લ પરમારનું રેખાચિત્ર સ્મૃતિમાં રહી જાય તેવી ઢબે લખાયેલું છે. કવિ લખે છે : '' ૧૯૩૯ માં રાણપુર ગયો. ફૂલછાબ કાર્યાલયમાં બે જુવાનોનો પરિચય થયો. (ફૂલછાબ તે સમયે રાણપુરથી પ્રકાશિત થતું હતું) રાણપુર કાર્યાલયમાં એ..ઈ બસ બાજરીના રોટલા ને છાશના ધુબાકા ! પેલા બે ભેરૂઓ (જયમલ્લભાઈ – નિરૂભાઈ) એવું વાતાવરણ જમાવે કે તમે તાજામાજા થઈ જાઓ. આ બે ભેરૂમાંથી એક જયમલ્લ પરમાર અને બીજો એકવડિયા બાંધાનો, ગૌરવર્ણ, ઊંચો તથા તરવરિયો જુવાન એ નિરંજન વર્મા. નિરંજન વર્મામાં ચેતન એવું નિરંતર હલમલ થતું લાગતું હતું. એને જોઈને એમ થાય કે આવો જીવ ઝાઝું આપણી વચ્ચે શેનો ટકે ? ભાઈ નિરંજનની શક્તિનો ગુજરાતી ભાષાને અનેકવિધ લાભ મળવાની આશા અકાળે લુપ્ત થઈ ! '' ખરેખર આ જીવ અકાળે આપણી વચ્ચેથી ઊઠી ગયો. તેમની સ્મૃતિને વાગોળવાનો અવરસ છે.

હાલો હેડાં જીરાણમેં
શેણાંને કરીએ સાદ,
મિટ્ટી સે મિટ્ટી મિલી
(તોય) હોંકારો દિયે હાડ.

કાલાવાડ તાલુકાના રાજડા ગામથી શરૂ થયેલી એક ભવ્ય અને ભાતીગળ જીવનયાત્રા ૧૯૫૧ માં આંધ્રપ્રદેશના મદનપલ્લી ગામના આરોગ્યવરમ્ સેનેટોરિયમમાં પૂર્ણ થઈ. માણસ જીવનની છેલ્લી ક્ષણોમાં નિયતિના નિર્ણયની જાણકારી હોવા છતાં પણ કેવી અસાધારણ સ્વસ્થતાથી રહી શકે તેનું અસામાન્ય ઉદાહરણ નિરૂભાઈ મૂકીને ગયા. મિત્રોની હૂંફમાં અને સ્વાભિમાનના ઉત્કટ ભાવથી નિરૂભાઈ જીવ્યા. નિરૂભાઈ – જયમલ્લભાઈ પરમાર તથા ઈશ્વરભાઈ દવેની દોસ્તીને ''લોકસંસ્કૃતિના ત્રિદલ બીલીપત્ર'' તરીકે ઓળખવામાં આવી છે તે યથાર્થ છે. આવા વીરો કોઈની પ્રશંસાના મહોતાજ ન હતા. જે અંતરમાંથી ઊગ્યું તેનેજ માર્ગદર્શક ગણીને તેઓ નવા ચિલા પાડીને ગયા.

બિંદુએ બિંદુએ રક્ત દીધાં ગણી,
ચૂકવી દેહની પળેપળે કણી કણી.

# ગાંધીનગર સાહિત્યસભા દ્વારા આજે 'સમાજ, સેવા અને સાહિત્ય' વ્યાખ્યાનમાળા



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

● ગાંધીનગર સાહિત્યસભા દ્વારા સ્વ. રેખાબેન અને સ્વ. આત્મારામભાઈ કા. પટેલની સ્મૃતિમાં 'સમાજ, સેવા અને સાહિત્ય' વ્યાખ્યાનમાળા

સાહિત્યસભાનાં સભ્ય પ્રજ્ઞાબેન પટેલ દ્વારા તેમના સદ્ગત માતાપિતા-વાત્સલ્યમૂર્તિ સ્વ. રેવાબેન પટેલ તથા સ્વ. આત્મારામભાઈ કા. પટેલ (જાણીતા સાહિત્યકાર અને સમાજસેવી, લાડોલ જિ. મહેસાણા) ની પુણ્યસ્મૃતિમાં વ્યાખ્યાનમાળા માટે સહયોગ સાંપડ્યો છે, જે અન્વયે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ અને સુપ્રસિદ્ધ સર્જક ચંદ્રકાન્ત ટોપીવાળાનું 'રચનાની આંતરકથા' અંગેનું સાહિત્યિક વ્યકતવ્ય; લેખિકા શ્રીમતી શાલિનીબેન ટોપીવાળાના અતિથિ વિશેષ પદે, તા. ૨૦.૫.૨૦૧૭ ને શનિવારના રોજ સવારે. ૯.૩૦ કલાકે, બ્રહ્માણી કૃપા હોલ મેમોરિયલ હોલ, ફાર્મસી કૉલેજ કેમ્પસ, ઘ-૬ પાસે, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ છે; તો આ સાહિત્યિક મહેફિલને માણવા પધારવા; નગરના મહાનુભાવો, સાહિત્યકારો, સાહિત્ય રસિકો - ભાવકો અને ગાંધીનગર સાહિત્યસભાના સભ્યોને ભાવભર્યું નિમંત્રણ છે. કાર્યક્રમ પૂર્ણ થયે સાહિત્યસભાના સભ્યો માટે ભોજનની વ્યવસ્થા છે.

● 'સર્જકની કૅફિયત' કાર્યક્રમ અંતર્ગત 'ગાંધીનગર સમાચાર', 'પાટનગર પ્રકાશ' અને 'ચારણ સંસ્કૃતિ'નાં કટાર લેખિકા અને રેડિયો જોકી શ્રીમતી નેહલ જયદીપ ગઢવીનું સાહિત્યિક વકતવ્ય - સર્જકની કૅફિયત તથા ગાંધીનગર સાહિત્ય સભાના સૂત્રધારોની સને ૨૦૧૭-૧૮ થી ૨૦૧૯-૨૦ના ત્રણ વર્ષ માટે વરણીનો કાર્યક્રમ સંસ્થાના પ્રમુખ ભરત કવિના અધ્યક્ષ પદે તા. ૧૪-૫-૨૦૧૭ના રોજ, નમન એપાર્ટમેન્ટ, સેકટર-૨૧ ખાતે સંપન્ન થયો.

કાર્યક્રમની શુભ શબદની આરાધ્યદેવી મા શારદાની સ્તુતિ વંદનાથી કરવામાં આવી. ત્યારબાદ મે માસમાં જે સભ્યશ્રીઓના જન્મદિન આવે છે. તેવા ૧૪ સભ્યોની નામાવલિ મંત્રી મૂળજીભાઈ 'દધિ' એ રજૂ કરતાં; સર્વેને મુબારકબાદી સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવી. ત્યારબાદ સંસ્થાના નવા પ્રમુખ તરીકે નટવર હેડાઉ 'વનવિહારી' ની સર્વાનુમતે વરણી કરવામાં આવી અને તેમની ટીમ નક્કી કરવાની સત્તા, સર્વાનુમતે નવટર હેડાઉને સોંપવામાં આવી. ત્યારબાદ ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના નવા પરાયેલા અધ્યક્ષ વિષ્ણુભાઈ પંડ્યાને અભિનંદન આપતો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો. 'માતૃદિન' હોઈ રમણલાલ શ્રીમાળીએ 'માતૃ દિવસ' કાવ્ય રજૂ કર્યું અને નવા સભ્ય જૈમિન શુકલ પત્રકારે તેમનો પરિચય આપી તેમની અંગ્રેજી નવલકથા 'ધી રાઈઝીંગ ઑફ કલ્કી' વિષેનો પરિચય આપ્યો.



શ્રીમતી નેહલ જયદીપ ગઢવીની 'સર્જકની કૅફિયત'ની શરુ થતાં પૂર્વે, શ્રીમતી ઉષાબેન જીતેન્દ્ર વ્યાસ દ્વારા નેહલ ગઢવીનું પુષ્પ હાજરથી અને મૂળજીભાઈ પરમાર 'દધિ' તથા સંજય થોરાત દ્વારા પુસ્તક પુષઅપની સ્વાગત કરવામાં આવ્યું. સદ્વાચન પ્રવૃત્તિ ચલાવતા શિવશંકર દવે દ્વારા શાલ ઓઢાણી સન્માન કરવામાં આવ્યું. નેહલ ગઢવીનો પરિચય અધ્યક્ષ સ્થાનેથી ભરત કવિ દ્વારા આપવામાં આવ્યો. મહેન્દ્ર રાઠોડે અત્તર છાંટી વાતાવરણને મધમધતું બનાવી દીધું.

શ્રીમતી નેહલ ગઢવીએ પુસ્તક, પુષ્પ અને અત્તરથી મધમધી ઉઠેલા આ પ્રસંગને જિંદગીની મોટામાં મોટી ક્ષણ ગણી, જીવનનું એક અમોલ સંભારણું ગણાવ્યું. તેમણે તેમના વકતવ્યમાં જણાવ્યું કે, પુત્રી, પત્ની, પુત્રવધૂ, માતા - આ બધું બનવામાં 'નેહલ' બનવાનું રહી ગયું તેથી તેમણે લેખનયાત્રા શરુ કરી. સકારાત્મક ઉર્જાવાળું લખાણ લખું છું અને કયાંક ખરાબ કે હતાશાનો પ્રચાર ન થાય તેવું પોઝીટીવ લખાણ લખું છું. તેમજ બાળકોને અસર ન થાય તેવું લખાણ લખું છું, તે મારી આસપાસમાંથી મને સોંપડે છે. સંવેદનાની ભીનાશ લઘરવઘર અને ફાટેલ-તૂટેલ કપડાંવાળા દીનમાંથી પણ મળે, જો આપણે હકારાત્મક દષ્ટિ, કેળવીએ તો. તો તેમણે જૂનાગઢ જિલ્લાના ઊનાના આંબવડે ગામના, બેં ચોપડી ભણેલા ખેડૂત ઊકાભાઈ હરીભાઈ વઘાસિયાનો દાખલો આપી જણાવ્યું કે પાંડુરંગશાસ્ત્ર - સ્નાતક સભામાં ભાગ લઈ સવાયાસ્નાતકનું બિરુદ મેળવ્યું. આમ ફક્ત ભણતર જ જરૂરી છે તેવું નહિ, પરંતુ સાથોસાથ ગણતર અને વિશાળ વાંચન પણે જરૂરી છે. વાંચનાર વર્ગ ઊભો થાય તેવું લેખકે લખવું જોઈએ, પોઝીટીવીટી જાગે ત્યારે લખવું જોઈએ. આમ તેમણે 'મધર્સ ડે' નિમિત્તે લેખન અને આર.જે. એમ બને ક્ષેત્રે કરેલી સંઘર્ષમય સફરની વાતો ભાવવાહી રીતે પ્રસ્તુત કરી. તેમણે કહ્યું કે ત્યાં સુધી લખતી રહીશ, જયાં સુધી અમરકૃતિ ન લખાય પચ્ચીસ પેઢી યાદ કરે તેવા લખાણ માટેની મારી આ અનંતયાત્રા છે અને આ માટે કેડી હંકારી છે જે માટે સર્વને પથદર્શક બનવા વિનંતી કરી, પોતાના પતિ-સર્જન ડૉકટરના સાથ બદલ આભારવશ જણાવ્યું કે, સર્જન (ડૉકટર) અને સર્જકની સહયાત્રાથી કે પરમ ખુશીનો અનુભવ કરું છુ. આ વકતવ્યમાં ઊડીને આંખે વળગે એવી એક ખાસ બાબત હતી કે એમનાં માતા-પિતા (વી.એસ. ગઢવી - નિવૃત્તિ આઈએએસ) અને પુત્ર પણ ઉપસ્થિત હતા.

● ગુજરાતી સાહિત્યના સામાજિક સંવેદના સાથેના કર્મશીલ સાહિત્યકાર જનક નાયકનું તા. ૧૬-૪-૨૦૧૭ના રોજ અવસાન થયું. ગુજરાત સાહિત્ય અકાદમીના માર્ગદર્શક મંડળના એકદા સભ્ય હતા. બાળસાહિત્યક્ષેત્રે તેમનું સવિશેષ પ્રદાન હતું. ખાસ તો શાળામાં જાતે જઈ બાળકોને વાર્તા વંચાવતા, લખાવતા, સંભાળવતા તેમજ ગઝલ શિબિરો, નાટ્યશિબિરો આદિનું આયોજન કરતા હતા. અકાદમી એવોર્ડ, ટાગોર ગુજરાત એવોર્ડ, સરોજ પાઠક સ્મૃતિ પારિતોષિક, નવચેતક ચંદ્રક, નંદશંકર ચંદ્રવિજેતા એવા જનક નાયકમાં માનવ મનની બહુવિધ ઉર્જાનું પ્રત્યક્ષીકરણ થયા કરતું હતું. આજના બાળકોના ગિજુભાઈએ આદરપૂર્ણ સ્નેહભરી ભાવાંજલિ અર્પણ.

- muljibhaidadhi@gmail.com